# ભ્રષ્ટાચાર

આત્મીય મિત્રો.

હું આજે ભ્રષ્ટાચારના વિષયમાં મારા વિચારો રજુ કરું છું. લખું છું. ભ્રષ્ટાચાર એ ભારત દેશનું  છે ભ્રષ્ટાચાર ભારત દેશનો આધુનિક રાક્ષસ છે. ભ્રષ્ટાચાર કરવો ગુનો  છે, તેમ ભ્રષ્ટાચાર કરવા દેનાર પણ કેટલો જ ગુનેગાર છે. પ્રથમ તો ભ્રષ્ટાચાર આવ્યો ક્યાંથી ?  ક્યાંથી શરૂઆત થઈ ? ભ્રષ્ટાચારનો ઉદભવ કઈ રીતે થયો ? તે જાણવું અને વિચારવું મહત્વનું છે. મિત્રો ભ્રષ્ટાચારની શરૂઆત આપણાથી જ થઈ છે.આપણે આપણું કામ કઢાવવાની ઉતાવળ કરીએ છીએ. અને લાંચ -રૂશ્વત આપી ભ્રષ્ટાચારની શરૂઆત કરીએ છીએ. ભ્રષ્ટાચારની  વ્યાખ્યા છે  કે  ભ્રષ્ટ આચરણ ... પ્રથમ આપણું કામ કરાવવા બદલ કર્મચારીને પૈસા આપવા તે ભ્રષ્ટાચાર છે અને બીજું આપણે કર્મચારી તરીકે જે ફરજ બજાવાની હોય છે તેમાં કામચોરી કરીએ એ પણ ભ્રષ્ટાચાર છે. કોઈ ડોક્ટર તરીકે ફરજ બજાવતો હોય તો સારી રીતે ન બજાવે,  દર્દીને સંતોષકારક દવા ન આપે, સારવાર બરાબર ન કરે તો પણ તે ભ્રષ્ટાચાર છે. કોઈ શિક્ષક બાળકોને અભ્યાસક્રમ પ્રમાણે ઓછું ભણાવે કે ન ભણાવે અથવા જાણી જોઈને ટ્યુશનની લાલચે ખરાબ ભણાવે તો પણ ભ્રષ્ટાચાર છે.આ રીતે  ટ્યુશન કરનાર શિક્ષક પણ ભ્રષ્ટાચાર્યની વ્યાખ્યામાં આવી જાય છે.

સાવ સરળ વ્યાખ્યામાં ભ્રષ્ટાચાર એટલે કે ભ્રષ્ટ આચાર... ખરાબ આચરણ... કોઈ કામમાં આપણે આપણી જવાબદારી ભૂલી જઈએ તો તે પણ ભ્રષ્ટાચારની વ્યાખ્યામાં આવે છે. મિત્રો આજે જે લાંચ રૂશ્વત રૂપી ભ્રષ્ટાચાર વ્યાપક રીતે વધી ગયો છે તેની ખાસ વાત કરવી છે. આખા દેશમાં જ્યાં જુઓ ત્યાં નાની મોટી સરકારી ઓફિસોમાં કામ કરનાર મોટાભાગના કર્મચારીઓ ભ્રષ્ટાચાર કરે છે. પોતાને જે ફરજ બજાવાની છે. નોકરી કરવાની હોય છે. તેના બદલામાં સરકાર તેમને મહેનતાણું / પગાર આપે છે છતાં તેમાં સંતોષ ન રાખતા, કોઈ વ્યક્તિ તેની પાસે ઓફિસ કામે તેની પાસે જાય તો તે કર્મચારી તે વ્યક્તિનું કામ કરતો નથી. ધક્કા ખવડાવે છે. કહે છે કે સાહેબ નથી... સાહેબ બહાર ગયા છે... સહી કરવાની બાકી છે.... કાલે આવજો.... વગેરે બહાના બતાવતો હોય છે.  જો તેને પૈસા આપો તો તરત તમારું કામ થાય. પૈસા ના આપો તો ધક્કા ખવડાવીને, તમારા ચંપલ કે જૂતા તોડાવી નાખે.  ભ્રષ્ટાચારી તેને પૈસા આપવા આપણને મજબૂર કરે છે

મિત્રો પહેલા તો ખોટા કામ કરવાના પૈસા આપવા પડતા હતા. આજે તો સાચા અને હકના કામ કરાવવાના પૈસા આપવા પડે છે. આવકના દાખલા રેશનીંગ કાર્ડ, લોનના પેપરનું કામ કે જમીનને લગતું કોઈ કામ હોય તો પૈસા આપ્યા વિના થતું નથી. જો તમે પૈસા ન આપો તો તમારું કામ જલ્દી થાય નહીં.માણસો આજે સમય બગાડવાના કારણે પૈસા આપે છે. કોઈ કર્મચારી બે ધક્કા ખવડાવે તો મજૂર, નોકરિયાત  કે  વેપારીને પોષાય નહીં. આથી મજબૂર થઈ પણ પેલાને પૈસા આપવા પડે છે. ધીરજ રાખીને તેનો સામનો કરીએ. સમય અને સંપત્તિ બગાડવાની તૈયારી રાખીએ તો ભ્રષ્ટાચારી નમતું આપવું જ પડે. જખ મારીને કામ કરવું પડે પણ એવી ધીરજનો માણસમાં અભાવ છે.

મિત્રો ભણેલા ગણેલા માણસો સરકારી કચેરીમાં જતા અટકાય છે. કોલેજ કે બારમાં સુધી ભણેલા યુવાનો પણ સરકારી કચેરીમાં જતા ડરે છે. પગ પાછા પડે છે.  ત્યારે બિચારા અભણ ખેડૂત કે મજૂરની હાલત તો શું થતી હશે? દેશના લોકો જ ભ્રષ્ટાચાર આચરી દેશને ખોખલો બનાવી રહ્યા છે. ત્યારે એમ થાય છે કે ભ્રષ્ટાચાર રૂપી રાક્ષસ કેમ કરી ભસ્મીભૂત થાય ?  કોણ ભ્રષ્ટાચારને   નેસ્ત નાબૂદ કરી શકશે ?  દેશને સૌથી મોટી સમસ્યાઓ માની એક ગંભીર સમસ્યાને કાબુમાં લેવામાં નહીં આવે તો દેશનો વિકાસ શક્ય નથી. મિત્રો ભ્રષ્ટાચારને ભગાડવાના ઉપાયો મારા મત મુજબ રજુ કરું છું. પ્રયત્ન કરું છું.આમ તો આ કામ સરકારના ચૂંટાયેલા સભ્યો જેવા કે સરપંચ, તાલુકા પ્રમુખ, જીલ્લા પ્રમુખ ,ધારા સભ્ય, સંસદ સભ્ય એમની ટીમનું છે. એ બરાબર કામ કરે તો ભ્રષ્ટાચાર ઘણો ઓછો થાય. પણ એજ બધા નબળા બન્યા છે.

સૌથી પહેલો ઉપાય સજ્જનોના સંગઠનની જરૂર છે. જો સજજનો સંગઠીત થઈ જાય તો કામ મુશ્કેલ નથી સજજનો સંગઠિત થઈ જાય લોકમત ઉભો કરશે. રજૂઆત કરીને ભ્રષ્ટાચારીને સખત કારાવાસની સજા, મરે નહી  ત્યાં સુધી જેલની સજાની કાયદાકીય જોગવાઈ કરાવશે. ભ્રષ્ટાચારી પકડાય કે સીધો જેલમાં મોકલી દેવો. તેના જામીન મંજૂર ન થાય અને પુરાવા મળે કે તરત જ કારાવાસની સજા ફટકારવામાં આવે. જેટલા રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો હોય તે બધા જ રૂપિયા તેમની પાસેથી વસૂલ કરવાના. જો તેણે મોટો ભ્રષ્ટાચાર કરી પૈસા તેના ઘરના વ્યક્તિઓ.. સંતાનો કે પત્નીના નામે કર્યા હોય તો તે તેઓના નામે મકાન જમીનની ખરીદી કરી હોય તો પણ તેની જપ્તી કરી, બધી રકમની વસૂલ કરવાની જોગવાઈ ભારતના સંવિધાનમાં કરાવી શકે.

મિત્રો મારી દ્રષ્ટિએ બંધારણમાં ફેરફાર કરીને ગમે તે વ્યક્તિ હોય તો પણ તેને જેલ ભેગો કરવાનો જ તે પછી દેશનો નેતા હોય તોયે શું થયું? તેને પણ સામાન્ય કેદીની જેમ જેલમાં પૂરી દેવાની જરૂર છે. આજે તો ભ્રષ્ટાચારી નેતાને જેલમાં પણ એશો આરામ મળે છે. સુંદર ભોજન ,ટીવી, ફ્રી ફર્નિચર વાળા મકાનની સગવડતા વાળી જેલમાં જવાનું, તેને તો જેલ પણ મહેલ જેવી જે લાગે પછી જ ગુના કરવામાં શું કામ પાછું વાળીને જુએ ? ગમે તે વ્યક્તિ હોય ગુનેગાર તે ગુનેગાર છે.એક વાર પુરાવા સાથે પકડાઈ જાય છે પછી કોઈ કોર્ટ કેસના ચાલે. કડકમાં કડક સજાની જોગવાઈ હોવી જોઈએ. એમાંય નેતા જેવા દેશની જવાબદારી વાળી વ્યક્તિ પર તો રહેમ નજર રખાય જ નહીં,

બીજું ઉપાય સૂચવું છું કે દરેક કર્મચારીઓના કામગીરીની વિગતો દર્શાવતું પુસ્તક બહાર પાડવું. કર્મચારીના કામનો નક્કી સમય... કોની કોની પાસે ફાઈલ જાય..? કોની સહી કરવાની ? કેટલા સમયમાં પૂરું કરવું ? ..વગેરે માહિતી આપતી પુસ્તિકા ઓફીસ આગળ અને દરેકના ઘરે વિનામૂલ્ય પહોંચે તેવી વ્યવસ્થા કરવી. જેથી ભ્રષ્ટાચારી કોઈને ઉલ્લુ બનાવે નહીં.

ત્રીજો ઉપાય દરેક ગામમાં ગ્રામ્ય સંગઠન સમિતિ કે શહેરમાં સોસાયટી અને મહોલ્લા કે પોળ મુજબ સંગઠન સમિતિની રચના કરવી. ગ્રામ્ય સંગઠન સમિતિ ગામના લોકોના પ્રશ્નોનું નિરાકરણ કરે. ઉદાહરણ... તરીકે કોઈ ખેડૂત તલાટી પાસે આવકનો દાખલો કે બીજા કોઈ કામ માટે જાય તો તલાટી કામ ન કરે પૈસા માંગે કે ધક્કો ખવડાવે તરત જ સંગઠન સમિતિના સભ્યો તલાટી પાસે કારણ માગી ખેડૂતનું કામ કઢાવશે. ગ્રામ્ય સંગઠન સમિતિ સાત સભ્યોની બનાવવી. મિત્રો આજના કળિયુગમાં આ સંગઠન શક્તિ જીતી શકાય એટલે તો " <u>સંઘશક્તિ કલયુગે</u> " એવું કહેવામાં આવ્યું છે. દરેક ગામે ગામ અને શહેરોમાં દરેક સોસાયટી અને પોળોમાં આવી સંગઠન સમિતિઓ બનાવીને સર્વે શુભ સંકલ્પ કરવો કે કોઈ સરકારી કચેરીમાં પૈસા આપી કામ ન કરાવવું.

ચોથો ઉપાય છે આપણે શિક્ષણની સંસ્થાઓમાં ભ્રષ્ટાચારીનો સામનો કરવાનો શિક્ષણ આપવાની શરૂઆત કરી એબીસીડી કે માત્ર ગણિત ભણાવવાથી કંઈ નહીં વળે !!! શિક્ષણ સંસ્થામાં જ વિદ્યાર્થીઓને શીખવાની જરૂર છે કે સરકારી કચેરીમાં કામ કરતા કર્મચારી દેશના સેવકો છે. પ્રજાના સેવકો છે. તેમની પ્રજાના કામ માટે મૂકેલા છે. તેમને પગાર આપવામાં આવે છે. તેને લાંચ આપવાની જરૂર નથી. લાંચ માગે તો મોઢા ઉપરના ના સંભળાવી દેવી.તમારા કામ કરવું જ પડશે. હું જ ઉચ્ચક્ષાએ રજૂઆત કરીશ. આજે નહીં તો કાલે તમારે કામ કરવું જ પડશે. આવી વાત તો શિક્ષણ સંસ્થાઓ કહી વિદ્યાર્થીઓને બહાદુર બનાવવાનું શિક્ષણ આપે.

મિત્રો આ ચાર ઉપયોગ ઉપરથી જ દેશમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ થશે. પ્રથમ સરકારી કાયદો, બીજું કર્મચારીના કામની પુસ્તિકા, ત્રીજુ સંગઠન સમિતિ અને ચોથું શિક્ષણ સંસ્થાઓના તે મુજબનો અભ્યાસક્રમ. જે રીતે આપણાથી જ ભ્રષ્ટાચારની શરૂઆત થઈ છે. તે આપણાથી ભ્રષ્ટાચારી દેશોવટો આપી શકાશે. મિત્રો સંગઠન સમિતિઓથી લોકોના નૈતિક તાકાત આવશે તલાટી કે કારકૂન કદાચ મારું કામ નહીં કરે તો કોઈ ચિંતા નથી. કારણ મારી સાથે સંગઠન સમિતિનો સાથ અને સહકાર છે. મારે શું કામ પૈસા આપી કામ કઢાવું ? એવી તાકાત બહુ ઉભું થશે સામાન્યમાં સામાન્ય માણસ પણ બહાદુરી બતાવી શકશે. સમિતિના સભ્યો લોકોને પ્રશ્ન નિકાલ કરવા સમય ફાળવી શકે તેવા પસંદ કરવા.

અંતમાં મિત્રો ભારત દેશના કલંક સમા આ રાક્ષસને જાકારો આપવા માટે આપણે સૌ કટિબદ્ધ થઈએ. આવો આજથી શુભ સંકલ્પ કરીએ કે હું કોઈને પૈસા આપી ભ્રષ્ટાચાર નહીં કરવા દઉં કે મારા અંગત જીવનમાં કોઈની પાસેથી પૈસા લઈને ભ્રષ્ટાચારી તો નહીં બનું અને છેલ્લે ભારત દેશના કલંકને મિટાવવાના કાર્યમાં સૌ સહભાગી બનીએ. ઈશ્વર સૌને એવી બુદ્ધિ, બળ અને સમજ આપે એ જ અભ્યર્થના સાથે મારા વિચાર પુષ્પને વિરામ આપું છું.

આજા માનવના જય ભગવાન જય પરમાત્મા.
(વૈશ્વિક જીવન દર્શની તા-26/ 8/2004)
" અંતરની એરણ થી "